| ધી પ્રોપરાયટરી હાઇસ્કૂલ ટ્રસ્ટ સંચાલિત<br>દીવાન બલ્લુભાઇ માધ્યમિક શાળા, કાંકરિયા, અમદાવાદ | વર્ષ – 2008 – 2009 |
| --- | --- |
| સહ અભ્યાસ તેમજ શૈક્ષણિક પ્રવૃત્તિઓનો વાર્ષિક અહેવાલ | |

(1) આપણી શાળાના શૈક્ષણિક કાર્યની શરૂઆત રોજ પ્રાર્થના થી જ થાય છે. જેમાં શાળાના વિધ્યાર્થીઓ લયબધ્ધ રીતે સરસ્વતી દેવીની આરાધના કરે છે. અને મહા પુરુષો ના જ્ન્મ દિન નિમિત્તે વકતવ્યો રજૂઆત કરવામાં આવે છે. અને અઠવાડિયામાં એક વખત સમૂહ પ્રાર્થના નો કાર્યક્રમ પ્રાર્થના ખંડમાં રાખવામાં આવે છે. જેમાં જુદા જુદા શિક્ષકો પ્રેરક પ્રવચનો આપે છે. આ ઉપરાંત આ કાર્યક્રમમાં વકતૃત્ત્વ સ્પર્ધા, ભજન સ્પર્ધા, દેશ ભક્તિ ગીત, હાસ્ય નાટક, ગીત પંક્તિ વગેરેની હરીફાઇ રાખવામાં આવે છે.

(2) પ્રથમ, દ્વિતીય કસોટી ના અંતે શાળાના દરેક વર્ગના પ્રથમ પાંચ નંબરો પ્રાપ્ત કરનાર વિધ્યાર્થીઓને વધુ ઊંચી સિધ્ધિ મેળવવા માટે માર્ગદર્શન આપવા સાથે તેઓને પ્રોત્સાહક ઈનામો આપવામાં આવ્યા.

(3) બુલેટીન બૉર્ડ તેમજ શ્યામ ફલક પર શાળાના શિક્ષકોના માર્ગદર્શન નીચે વિધ્યાર્થીઓ ના સામાન્ય જ્ઞાનમાં વધારો થાય તેવી કૉમ્પ્યૂટર આધારિત માહિતી વિધ્યાર્થીઓ દ્વારા બૉર્ડ પર મૂકવામાં આવે છે.

(4) વર્ષ દરમિયાન શાળા પરિવાર, પૂર્વ વિધ્યાર્થી મંડળ અને વાલી મંડળ ના સહયોગથી 4 રક્તદાન કૅમ્પનું આયોજ્ન કરી 200 થી વધુ બૉટલ રક્ત રેડક્રોસ સોસાયટીમાં પહોંચાડયું.

(5) ધો. 8 થી ધો. 12 ના મેધાવી વિધ્યાર્થીઓને તેમજ બૉર્ડમાં અને કેન્દ્ર માં શ્રેષ્ઠ સિધ્ધિ મેળવનાર વિધ્યાર્થીઓને ઈનામ વિતરણ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન ડૉ. શ્રી. નલિનભાઇ પંડિત ( કેળવણીકાર ) તેમજ શાળાના આદરણીય ચેરમેન શ્રી દીવાન સાહેબ દ્વારા ઇનામ, શિલ્ડ અને રોકડ પુરસ્કાર આપી સન્માનિત કર્યા.

(6) તા. 11/7/08 ના રોજ શાળાના પટાંગણમાં વૃક્ષારોપણ નો કાર્યક્રમ N.S.S ના સ્વયં સેવકો અને N.C.C. કેડેટ દ્વારા કરવામાં આવ્યો. જેના ઉદ્ઘાટક શ્રી. લૅફ્ટ કર્નલ શ્રીવાસ્તવ સાહેબ અને કર્નલ શ્રી. ગર્ગ સાહેબ દ્વારા કરવામાં આવ્યું અને પર્યાવરણ જાગૃતિ રેલી કાંકરિયા વિસ્તારમાં કાઢવામાં આવી.

(7) તા. 31/7/08 ના રોજ 9 બટાલિયન N.C.C દ્વારા આયોજિત ATC કૅમ્પમાં N.C.C અને એર ઈન્ડિયા ના સહયોગથી 'જનરલ નોલેજ ક્વીઝ કોમ્પીટિશન' માં 10 શાળાઓના કુલ 230 વિધ્યાર્થીઓમાં શાળાનો

- ❖ પરમાર રાહુલ પ્રથમ નંબર ;
- ❖ પટેલ વિસ્મય અને ઠક્કર હર્ષેન્દ્ બીજો નંબર અને
- ❖ પારધી કેયૂર ત્રીજો નંબર આવેલ છે.

(8) તા. 20/7/08 ના રોજ 'ભારત વિકાસ પરિષદ ' મણિનગર દ્વારા ' ભારત કો જાનો ' ના કાર્યક્રમ માં શાળાનો વિધ્યાર્થી - શાહ નિશાંત આર. ૯ – B અને - મોદી નિસર્ગ આર. ૯ - Tech સરસ દેખાવો કર્યા.

(9) તા. 21/7/08 ના રોજ શાળા ના હોલમાં ' આર્ટ ઑફ લિવીંગ ' ના સાધક શ્રી – મયુરભાઇ પટેલ તેમજ શાળા ના ટ્રસ્ટી શ્રી. અરુણભાઇ ચતુર્વેદી એ ધો. ૮ થી ૧૨ તમામ શિક્ષક ગણ ને માર્ગદર્શક શિબિરનું આયોજ્ન કર્યુ.

(10) તા. 22/7/08 ના રોજ શાળાના હોલમાં સ્વામિનારાયણ સંપ્રદાય ના સંત શ્રી. - અક્ષય ગુરુ સ્વામીએ ધો. ૮ થી ૧૨ ના વિધ્યાર્થીઓને ' એકાગ્રતા અને ધ્યેય ' વિષે પ્રેરક પ્રવચન આપ્યું.

(11) તા. 24/7/08 થી 2/8/08 દરમિયાન **N.C.C** કૅમ્પ સરદાર પટેલ માર્કેટ – કડી ખાતે શાળાના **41 N.C.C.** કેડેટો કૅમ્પમાં હાજર રહ્યા હતા.

(12) તા. 6/8/08 થી 12/8/08 સુધી શાળામાં **ચેસ ની રમત ના તાલીમી વર્ક શોપ** માં 70 વિધ્યાર્થીઓ એ ભાગ લીધો હતો.

(13) 12/8/08 ના રોજ શાળામાં **વિજ્ઞાન પ્રદર્શન** નું આયોજન **ડૉ. વિક્રમ સારાભાઇ ના** જન્મદિન નિમિત્તે કરાયું. જેમાં ઉદઘાટન પ્રસંગે મુખ્ય મહેમાન શ્રી. કુલકર્ણી ( ISRO ના વડા ) તેમજ શાળાના ચેરમેન શ્રી. દીવાન સાહેબ હાજર રહ્યા હતા. જેમાં કુલ ૧૨૯ **Projects** મૂકવામાં આવ્યા હતા. 400 થી વધુ વિધ્યાર્થીઓ એ ભાગ લીધો અને 1000 થી વધુ વાલી મિત્રો પ્રદર્શન કુતૂહલ સાથે જોવા આવ્યા. અને વિજ્ઞાન પ્રદર્શન ના સમાપન પ્રસંગે મુખ્ય મહેમાન - જિલ્લા શિક્ષણ અધિકારી શ્રી. પી.બી. ગઢવી સાહેબે બાળ વૈજ્ઞાનિકો ને અભિનંદન આપ્યા.

(14) તા. 15/8/08 ના રોજ શાળાના પટાંગણમાં **સ્વાતંત્ર્ય દિનની** ઊજવણી કરવામાં આવી. તેમાં મુખ્ય મહેમાન પદે પૂર્વ વિધ્યાર્થી ડૉ. પરાગભાઈ શાહ તેમજ શાળાની મેઘાવી વિધ્યાર્થિની – નિરાલી પટેલ ધ્વજ વંદન કાર્યક્રમ માં અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા . અને મહેમાનશ્રી એ પ્રેરક ઉદબોધન કર્યુ.

(15) તા. 15/8/08 ના રોજ ' ભારત વિકાસ પરિષદ ' આયોજિત **રાષ્ટ્રીય સમૂહ ગાન સ્પર્ધા**માં શાળાનો હિન્દી દેશભક્તિ સમૂહગીતમાં દ્વિતીય નંબર અને સંસ્કૃત દેશભક્તિ સમૂહગીત માં પ્રથમ નંબર આવેલ છે.

(16) તા. 15/8/08 ના રોજ અમદાવાદ ની 60 જેટલી શાળાઓના ધો. ૧ થી ૧૨ ના 700 જેટલા વિધ્યાર્થીઓની એક તત્કાળ બાળ ચિત્ર સ્પર્ધા નો કાર્યક્રમ – 'વીર કિનારીવાળા ગુજરાત કોલેજ ' ની ફૂટપાથ પર એલિસબ્રિજ ખાતે યોજવામાં આવ્યો હતો. તેમાં શાળાનો ધો. ૯ નો - જાની હર્ષાંક ગૌરાંગભાઇ ને ત્રીજા વિભાગમાં પ્રથમ શ્રેષ્ઠ ચિત્ર કૃતિ માટે ઈનામ અને સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યા.

(17) તા. 22/8/08 ના રોજ નારણપુરા મુકામે ( અમદાવાદ) જિલ્લા કક્ષાએ **વક્તૃત્ત્વ સ્પર્ધા**માં વિષય – 'પૃથ્વી નું જળ સંકટ સમસ્યા અને સમાધાન ' ઉપર અમદાવાદ શહેરની બધી જ શાળાઓ એ ભાગ લીધો હતો. જેમાં આપણી શાળાની ધો. ૯ – B ની સલોની એસ. પટેલ પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ છે. ત્યારબાદ તે રાજ્ય કક્ષાએ ગાંધીનગર મુકામે જશે.

(18) તા. 22/8/08 ના રોજ શાળામાં ચેસ સ્પર્ધા રાખેલ હતી . તેમાં ઉત્સાહભેર વિધ્યાર્થીઓ એ ભાગ લીધો હતો.

(19) તા. 24/8/08 ના રોજ - સેવન્થ ડે હાઈસ્કૂલ ખાતે 7 મી ઇન્ટર સ્કૂલ સ્ટેટ ટેકવૉન ડૉ સ્પર્ધા માં શાળાનો વિધ્યાર્થી દર્શન સંજયભાઇ ત્રિવેદી એ ***41 TO 44 Kg*** વજન ગૃપમાં ભાગ લઇને સિલ્વર મેડલ પ્રાપ્ત કરેલ છે. અને ન્યુ દિલ્હી ખાતે 6 થી 8 Dec – 2008 રોજ યોજાયેલ **26 મી સબ જુનિયર રાષ્ટ્રીય કક્ષાની ટેકવૉન ડૉ સ્પર્ધા** માટે પસંદગી પામેલ છે.

(20) તા. 30/8/08 ના રોજ સરદાર વલ્લભભાઇ પટેલ રાષ્ટ્રીય સ્મારક શાહીબાગ મુકામે 'સરદાર વલ્લભભાઇ પટેલ મેમોરિયલ સોસાયટી' તથા 'રોટરી કલબ- એરપોર્ટ ' શાહીબાગ દ્વારા આયોજિત શહેર કક્ષાની દેશભક્તિ સમૂહગાન સ્પર્ધામાં શાળાનો પ્રથમ નંબર આવેલ છે.

(21) તા. 2/9/08 શાળાના ધો. ૧૨ કોમર્સ ના વિધ્યાર્થીઓ એ અંધજન મંડળ ની મુલાકાત લીધી. તેમજ સાયન્સ સીટી, અડાલજની વાવ નો શૈક્ષણિક પ્રવાસ માણ્યો.

(22) તા. 3/9/08 ના રોજ અમદાવાદ શહેર સમાજ શિક્ષણ સમિતિ દ્વારા આપણી શાળાને શૈક્ષણિક પ્રવૃત્તિમાં શ્રેષ્ઠ યોગદાન માટે પારિતોષક થી સન્માનિત કરવામાં આવી.

(23) તા.5/9/08 ના રોજ શિક્ષક દિને LRC માં મુખ્ય મંત્રીશ્રી દ્વારા રાજ્ય ના શ્રેષ્ઠ શિક્ષક ને એવોર્ડ વિતરણ સમારંભનું નિદર્શન કરાવ્યું.

(24) તા.16/9/08 ના રોજ માધ્યમિક શાળાના તમામ કર્મચારી ગણ માટે પારિવારિક શૈક્ષણિક પ્રવાસનું આયોજન કર્યુ હતું. તેમાં ઉત્કંઠેશ્વર મહાદેવ, મહુડી મુકામે ગયા હતા.

(25) તા. 29/9/08 ના રોજ યોજાયેલ 50 શાળાના SVS વિજ્ઞાન મેળામાં શાળાનો પાંચમા વિભાગમાં પ્રથમ નંબર અને શહેર કક્ષામાં જવા માટે એક પ્રોજેક્ટ સિલેક્ટ થયો હતો. તેમાં **79** કૃતિઓ આવી હતી. જેમાં ઉદઘાટન પ્રસંગે અમદાવાદ ના પૂર્વ મેયર શ્રી. ભાવનાબેન દવે, ગુજરાત આચાર્ય સંઘ ના પ્રમુખ શ્રી. એચ.કે. દવે ઉપસ્થિત રહ્યા હતા.

(26) તા.29/9/08 ના રોજ 'સ્વર્ણિમ ગુજરાત' કાર્યક્રમ અંતર્ગત અમદાવાદ શહેર અને જિલ્લા કક્ષાની વક્તૃત્ત્વ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા અને નિબંધ સ્પર્ધા યોજાઈ. જેમાં ઈનામ વિતરણ કાર્યક્રમમાં માનનીય શ્રી. ડૉ. આર. કે. પાઠક સાહેબ ( અધ્યક્ષશ્રી ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષણ બૉર્ડ ) તેમજ જિલ્લા શિક્ષણ અધિકારી (અમદાવાદ શહેર ) શ્રી. પી.બી. ગઢવી સાહેબ, (અમદાવાદ ગ્રામ્ય વિસ્તાર) ડી. ઈ. ઓ. શ્રી. કે.કે. રાઠોડ સાહેબ એ ઉપસિથિત રહી ઇનામ વિતરણ કર્યુ.

(27) તા. 30/9/08 ના રોજ શાળામાં ' તાલીમ અને રોજગાર વિભાગ ' દ્વારા શાળાના ધો.10 અને 12 ના વિધ્યાર્થી ઓને શ્રી. ગીતાબેન અને શ્રી. ભાવનાબેને વ્યવાસાયિક કારકિર્દી માર્ગદર્શન આપ્યું.

(28) તા.7/10/08 ના રોજ જિલ્લા રમતગમત અધિકારી શ્રી અમદાવાદ શહેર આયોજિત મણિનગર વૉર્ડ ની સ્પર્ધામાં શાળાની બહેનો અને ભાઇઓ એ ભાગ લઇ અલગ અલગ ૧૮ રમતોમાં વિજેતા થયેલ છે.

(29) તા. 6/10/08 થી 10/10/08 દરમિયાન 28 મો ઓપન નેશનલ ટેકવૉન ચેમ્પિયન **2008** માં શાળાનો વિધ્યાર્થી - ત્રિવેદી દર્શન એસ. 9D સ્પર્ધામાં દિલ્હી મુકામે ગોલ્ડ મેડલ મેળવી શાળાનું ગૌરવ વધાર્યુ.

(30) તા. 8/10/08 'ઊર્જા સંરક્ષણ' રાજ્ય કક્ષાની નિબંધ સ્પર્ધામાં શાળાના 31 વિધ્યાર્થીઓ એ ભાગ લીધો હતો.

(31) તા. 15/10/08 ના રોજ શાળાના ધો. ૧૧ સાયન્સના ( ઈકો કલબ) વિધ્યાર્થીઓ શૈક્ષણિક પ્રવાસમાં 'ઇન્દ્રોડા પ્રાકૃતિક ઉધ્યાન ' તેમજ 'સાયન્સ સીટી' અને 'ઈસરો' ખાતે ગયા. જ્યાં ઉપગ્રહ નિદર્શન કરાવ્યું.

(32) તા. 16/10/08 ના રોજ જિલ્લા કક્ષાએ ગુજરાત સ્ટેટ કબડ્ડી એસોશિએશન દ્વારા હરીફાઈમાં આપણી શાળાનો ધો. ૯ નો વિધ્યાર્થી - ચાવડા નિકુંજ ડી. એ બીજો નંબર પ્રાપ્ત કરેલ છે.

(33) તા. 14/10/08 ના રોજ શાળા ના કમ્પાઉન્ડ માં શરદોત્સવ કાર્યક્રમમાં શાળા ના આદરણીય ચેરમેન શ્રી. દીવાન સાહેબ, ડૉ. દક્ષાબેન અને શ્રી. નીલાબહેન ઉપસ્થિત રહ્યા. એકશન અને બેસ્ટ ડ્રેસ હરીફાઈ રાખેલ હતી. જેમાં વિધ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા.

(34) તા. 17/10/08 ના રોજ શહેર કક્ષાની આયોજિત સ્પર્ધામાં શાળાનો - ચૌહાણ ધ્રુવ 12 –C ગોળા ફેંક માં પ્રથમ, તેમજ ચક્ર ફેંક માં બીજો નંબર અને હથોડા ફેંકમાં બીજો નંબર પ્રાપ્ત કરી રાજ્ય કક્ષા એ જશે.

(35) તા. 5/11/08 થી 14/11/08 માં C.A.T.C કેમ્પ માં શાળાના N.C.C. ના **9** વિધ્યાર્થીઓ એ ભાગ લીધો હતો.

(36) તા. 16/11/08 થી તા. 25/11/08 માં C.A.T.C – XI માં N.C.C. ના **6** વિધ્યાર્થીઓ ગયા હતા.

(37) દિવાળી વેકેશનમાં શાળાની ક્રિકેટ ટીમ બ્રધર લોબો અન્ડર **– 14** માં રનર્સ અપ બની.

(38) તા. 23/11/08 ના રોજ રોટરી ક્લબ દ્વારા શિક્ષણ સુધારણા ના ભાગ રૂપે યોજાયેલ મેટ્રો વૉક – **2** માં સંસ્થાના વિધ્યાર્થીઓ અને શિક્ષકો એ ભાગ લીધો. તેમજ કર્મચારીઓ **17500 રૂ.** એકત્ર કરીને શૈક્ષણિક સેવા યજ્ઞમાં સહભાગી બન્યા.

(39) તા. 25/11/08 ના રોજ હોલમાં ધો. ૮ થી ૧૧ ના વિધ્યાર્થીઓ ને શ્રી. જ્વાહરભાઈ ગઢવી એ ભારતીય સંસ્કૃતિ જીવંત રાખવાનું પ્રેરક પ્રવચન આપ્યું .

(40) તા. 25/11/08 ના રોજ N.S.S. વિધ્યાર્થીઓને ' એઇડ્ઝ અંગેની જાગૃતિ અને માહિતી ' આપી.

(41) તા. 26/11/08 ના રોજ I.I.M. માં શાળાના N.I.F. ના **28** વિધ્યાર્થી ઓ ગયા હતાં. જ્યાં ભારતના પૂર્વ રાષ્ટ્ર પતિ ડૉ. અબ્દુલ કલામ સાહેબ સાથે પ્રોજેક્ટ નિદર્શન તેમજ નવા સંશોધન ઉપર પ્રશ્નોત્તરી કાર્યક્રમમાં ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.

(42) તા. 30/11/08 ના રોજ ચેસ ટુર્નામેન્ટ માં 15 સ્કુલો એ ભાગ લીધો હતો. તેમાં શાળાનો – જાની હર્ષાંક બીજો નંબર પ્રાપ્ત કરેલ છે.

(43) શાળાની N.C.C. પ્રવૃત્તિઓમાં R.D. કેમ્પમાં આપણી શાળાના બે વિધ્યાર્થીઓની પસંદગી અને I.G.C. માં ત્રણ વિધ્યાર્થિની ઓ ની પસંદગી થઈ.

(44) તા. 6/12/08 ના રોજ પ્રાદેશિક માહિતી ખાતુ તેમજ જિલ્લા શિક્ષણ અધિકારી ના સંયુક્ત ઉપક્રમે ' સ્વર્ણિમ ગુજરાત ' અંતર્ગત નિબંધ સ્પર્ધામાં શહેર કક્ષા એ શાળાની - શાહ પરાગી રશ્મિનકુમાર – 9 D સર્વ પ્રથમ નંબર પ્રાપ્ત કરી રૂ.501/- નું ઈનામ મેળવીને શાળાનું ગૌરવ વધાર્યુ.

(45) તા. 21/2/08 ના રોજ ૪૧ મો શહેર કક્ષાનો યુવા મહોત્સવ યોજાયો. તેમાં શાળાના વિધ્યાર્થીઓ :-

- ❖ ચિત્ર સ્પર્ધામાં પ્રથમ – પાઠક શૈલજા ધો. 12 C તેમજ
- ❖ કથ્થક નૃત્યમાં પ્રથમ – દવે રૂદ્રી ધો. 11 C અને
- ❖ વક્તૃત્ત્વ સ્પર્ધામાં બીજો નંબર – વિનોદ શાંતનું ધો. 11 B મેળવીને શાળાનું ગૌરવ વધાર્યુ.

(46) તા. 21/12/08 ના રોજ G.L.S. ટુર્નામેન્ટ સ્કુલ ટ્રોફી માં દિલ્હી પબ્લિક સ્કૂલ સાથે મેચ યોજાઈ. તેમાં દીવાન બલ્લુભાઈ માધ્યમિક શાળા, કાંકરિયા **155** રન થી વિજ્યી થઈ.

(47) તા. 6/12/08 ના રોજ કચ્છમાં આદીપુર મુકામે પાંચ જિલ્લાઓની ઝોન કક્ષાનો યુવા મહોત્સવ યોજાયો. જેમાં

- ❖ ચિત્ર સ્પર્ધામાં આપણી શાળાની – પાઠક શૈલજા પ્રથમ નંબરે અને
- ❖ કથ્થક નૃત્યમાં - દવે રૂદ્રી 11 C એ પ્રથમ નંબર પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યુ.

(48) તા. 13/12/08 ના રોજ શાળાના હોલમાં ગીતા જ્યંતિ એ ગીતા પૂજન કરી ધો. 11 ના વિધ્યાર્થીઓ માટે વક્તૃત્ત્વ સ્પર્ધા યોજાઈ. ગીતાનું મહત્ત્વ સમજાવીને પ્રસંગોચિત વક્તવ્ય આપવામાં આવ્યું.

(49) તા. 15/12/08 ના રોજ N.S.S. ના વિધ્યાર્થીઓ દ્વારા 'ઊર્જા બચાવો 'ની રેલી કાઢી.

(50) તા. 15/12/08 ના રોજ શાળાના હોલમાં ' બાળ ઊર્જા રક્ષક દળ' દ્વારા વક્તૃત્ત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, ઊર્જા નાટક અને ઊર્જા રેલી કાઢી. તેમાં મુખ્ય મહેમાન શ્રી. રામસિંહભાઈ ભદોરિયા સાહેબ હાજર રહ્યા હતા.

(51) તા. 19/12/08 થી 20/12/08 સુધીમાં શાળામાં શિયાળુ રમતોત્સવ યોજાયો. જેનું ઉદઘાટન કેળવણીકાર શ્રી. ડૉ અશોકભાઈ પટેલે કર્યુ. અને તેમાં ધો. ૮ થી ૧૨ ના વિધ્યાર્થીઓ એ અલગ અલગ રમતોમાં ભાગ લીધો હતો.

(52) તા. 19/12/08 થી 21/12/08 દરમિયાન રાજ્ય કક્ષાના યુવા મહોત્સવમાં રાજકોટ મુકામે

❖ ચિત્ર સ્પર્ધામાં શાળાની પાઠક શૈલજા ચોથું સ્થાન તેમજ

❖ કથ્થક નૃત્યમાં - દવે રૂદ્રી એ ચોથું સ્થાન પ્રાપ્ત કરી ને શાળાનું ગૌરવ વધાર્યુ.

(53) તા. 31/12/08 ના રોજ 'કાંકરિયા કાર્નિવલ' માં શાળાના વિધ્યાર્થીઓ એ 'રન ફોર કાંકરિયા' તેમજ રંગોળીમાં પણ ભાગ લીધો હતો.

(54) તા. 8/12/08 ના રોજ આણંદ - કૃષિ યુનિવર્સિટી ના પ્રો. ઠાકર અને પ્રો. બ્રહ્મભટ્ટ દ્વારા ધો. 11 – 12 વિજ્ઞાન પ્રવાહ ના વિધ્યાર્થી ઓ માટે 'વેટરનીટી ડૉક્ટર નો અભ્યાસ ક્રમ અને કારકિર્દી ' અંગેનો માર્ગદર્શન સેમિનાર શાળામાં યોજાયો.

(55) તા. 12/1/09 ના રોજ ' સ્વામી વિવેકાનંદ જ્યંતિ ' નિમિત્તે રાષ્ટ્રીય યુવા દિન તરીકે ધો. ૮ થી ૧૨ અને N.S.S. ના વિધ્યાર્થીઓ એ યુવા જાગૃતિ રેલી કાઢી હતી. વ્યસન મુક્તિ અભિયાન યોજ્વામાં આવ્યું હતું.

(56) તા. 23/1/09 ના રોજ PRL ના વૈજ્ઞાનિકો ડૉ. નવીનભાઈ અને ડૉ. દિપકભાઈ એ મુન મિશન તેમજ પૃથ્વી ગ્રહની ઉત્પતિ વિષે સરસ પ્રેઝન્ટેશન રજૂ કર્યુ.

(57) તા. 26/1/09 ના રોજ પ્રજાસત્તાક દિનની ઊજ્વણી નિમિત્તે મુખ્ય મહેમાન તરીકે ભૂતપૂર્વ વિધ્યાર્થી ADC બૅન્ક ના ચેરમન શ્રી. અજ્યભાઈ પટેલ દ્વારા ધ્વજ્વંદન કરવામાં આવ્યું. તેમાં વિધ્યાર્થીઓ એ દેશભક્તિ ગીત, લેઝીમ અને ડમ્બેલ્સ રજૂ કર્યા. તેમજ નાના નાના ભૂલકાંઓ અલગ અલગ નેતાઓ બનીને આવ્યા હતાં. તથા N.C.C ના કેડેટ દ્વારા પિરામીડ નું નિદર્શન કરી રાષ્ટ્રીય તહેવારની શાનદાર ઊજ્વણી કરી.

(58) તા. 25/12/08 થી 5/2/09 સુધી રાષ્ટ્રીય પ્રજાસત્તાક ની ઊજ્વણીમાં ભાગ લેવા માટે દિલ્હી R.D.C. કેમ્પ માં શાળાનો વિધ્યાર્થી - યશ પટેલ ધો. 9 D ગયો. જેના થકી શાળાના ગૌરવમાં વધારો થયેલ છે.

(59) તા. 25/1/09 થી 26/1/09 માં ઓરિયેન્ટલ ક્લબ દ્વારા અમદાવાદની શાળાઓ વચ્ચેની ચેસ સ્પર્ધામાં શાળાએ સારો દેખાવ કર્યો અને શિલ્ડ મેળવીને શાળાનું ગૌરવ વધાર્યુ. તેમાં શાળાના – જાની હર્ષાંક, નિર્મિત શાહ, સુથાર યશ, ટૂંડિયા સિધ્ધાર્થ, અધ્વર્યુ પાર્થ, નાગર રાજન અને શાહ હર્ષ હતાં.

(60) તા. 29/1/09 ના રોજ શાળાના હોલમાં દિવ્ય ભાસ્કર અને લાયન્સ ક્લબ દ્વારા 'રોડ સેફ્ટી અને ટ્રાફિક અવેરનેસ' વિષે વિધ્યાર્થીઓને સલામતી અંગે માર્ગદર્શક સેમિનાર યોજાયો તેમાં પ્રતિજ્ઞા નું વાંચન કરાવ્યું.

(61) તા. 30/1/09 ના રોજ ઝેડા દ્વારા ગાંધીનગર મુકામે યોજાયેલ રાજ્ય કક્ષાના ' બાલ ઊર્જા મેળા 'માં શાળાના વિધ્યાર્થીઓ એ ભાગ લીધો.

(62) તા. 1/2/09 ના રોજ શાળામાં P.R.L. દ્વારા સ્કીનીંગ ટેસ્ટ લેવાઈ. જેમાં 20 શાળાના 50 વિધ્યાર્થાો એ ભાગ લીધો. તેમાં P.R.L ના એકેડૅમિક સેલના વૈજ્ઞાનિકો હતા.

(63) તા. 10/2/09 ના રોજ શાળાના હોલમાં 'બાળકના વિકાસમાં મા – બાપ નો ફાળો કે શાળાનો ફાળો ? ' તેમજ ઓપન બુક એક્ઝામ માટે વિધ્યાર્થીઓ દ્વારા ચર્ચા સભાનું આયોજન કરવામાં આવ્યું.

(64) તા.21/2/09 ના રોજ વાલી – શિક્ષક સ્નેહ સંમેલન યોજાયું. જેમાં ' બાળકના વિકાસમાં શું ખૂટે છે? તેમાં શાળા અને વાલી એક બીજા ને કેવી રીતે પૂરક બને? ' આ સંમેલનમાં શાળાના પૂર્વ વિધ્યાર્થીઓ ડૉ. સ્નેહલભાઈ તેમજ ડૉ. સુભાષભાઈ એ

કાર્યક્રમને અનુરૂપ પ્રેરક અનુભવો રજૂ કર્યા. તે માટે આચાર્ય શ્રી એ પ્રેરક પ્રવચન આપ્યું. અને વાલીઓના હકારાત્મક સૂચનોનું આદાન – પ્રદાન કરાયું.

(65) તા. 18/2/09 ના રોજ શાળાના વિધ્યાર્થીઓ એ ગાંધીનગરમાં વિધાનસભાની મુલાકાત લીધી. સાથે ઇન્દ્રોડા પાર્ક અને મહુડીની પણ મુલાકાત લીધી.

(66) તા. 23/2/09 ના રોજ શાળાની 'ભારત વિકાસ પરિષદ 'દ્વારા આયોજિત ચિત્ર સ્પર્ધામાં ધો. 9 C ની શાહ આશિની પ્રથમ નંબર આવી.

(67) તા. 26/12/09 ના રોજ ધો. 12 ના વિધ્યાર્થીઓ નો 'દીક્ષાંત સમારોહ' યોજાયો. તેમાં મુખ્ય મહેમાન શ્રી. આત્મ પ્રકાશ સ્વામી અને શાળાના આદરણીય ચેરમેન શ્રી. દીવાન સાહેબ તેમજ આચાર્ય શ્રી એ પ્રેરક પ્રવચન આપ્યું.

(68) તા. 4/3/09 ના રોજ ધો. ૮,૯ ટેકનિકલ ના વિધ્યાર્થીઓ દ્વારા ઈન્ડસ્ટ્રિયલ વિઝિટ માં :- સિપેટ અને કેડમૅક ની મુલાકાત લીધી.

(69) તા. 4/3/09 ના રોજ શાળાના હોલમાં 'મોક વિધાનસભા' નું આયોજન કર્યું. તેમાં મુખ્ય મહેમાન પદે દિવ્ય ભાસ્કર ના ચીફ એડિટર શ્રી. પ્રણવભાઈ એ ઉપસ્થિત રહી પ્રસંગોચિત વક્તવ્ય આપ્યું હતું.

(70) તા. 21/4/09 **થી તા.**5/5/09 **દરમ્યાન બાળકોના સર્વાંગી વ્યક્તિત્ત્વ વિકાસના હેતુ થી સમર વેકેશન માં વૈદિક ગણિત, કેલિગ્રાફી, ક્રિકેટ કોચિંગ કૅમ્પ, યોગા ના વર્ગો નું આયોજન કરાયું. જેમાં નિષ્ણાત તજજ્ઞો એ માર્ગદર્શન આપ્યું.**

* * * * * * * * *